જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૦૨/૨૦૨૩   શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૨૬૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૪૯૭ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૫૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૨૬૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ-    સમાચાર યાદી નં.૨૬૨/૨૦૨૩

**એલીસબ્રીજઃ** ભાવેશભાઇ પ્રવિણભાઇ મકવાણા (ઉ.વ.૩૩) (રહે. સંકલ્પ એપાર્ટમેન્ટ ગોપી અન્નક્ષેત્રની બાજુમાં નવા વાડજ) એ તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ મોબાઈલ નંબર ૮૮૬૬૩૭૭૧૨૭ ના ધારકે ભાવેશભાઈ મકવાણાને ફોન કરી સોનલ પટેલ બ્લ્યુ માઉન્ટેન રીસોર્ટ હોસ્પીટાલીટી સુરત ખાતેથી વાત કરતા હોવાની ઓળખ આપી કંપની તરફથી ફ્રિ ડીનર માટે ગુજરાત કોલેજ પાસે આવેલ હોટલ ફોર પોઇન્ટ ખાતે આમંત્રણ આપતા તા.૦૬/૧૦/૨૦૨૨ રાતના સમયે ભાવેશભાઈ મકવાણા હોટલ ફોર પોઇન્ટ બાય શેલ્ટોન ખાતે ગયા હતા. જ્યાં ભાવિક વડગામ તથા આકાશ સોમપુરા નામના માણસો મળેલ અને તેઓને કંપનીમા મેમ્બરશીપ લેવાનુ કહેતા ઓલ ઇન્ડીયાની કપલ ટુરની અલગ-અલગ સ્કીમ સમજાવી ભાવેશભાઈ મકવાણા પાસેથી ક્રેડીટ કાર્ડથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરાવી કુલ રૂપિયા ૫૫,૦૦૦/- રૂપિયા મેળવી લઈ મેમ્બરશીપ નહી આપી, વધુ પૈસાની માંગણી કરતા ભાવેશભાઈ મકવાણાએ આપેલ રૂપિયા પરત માંગતા તેઓએ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૬૩/૨૦૨૩**

**નારણપુરાઃ** કામીનીબહેન મહેશકુમાર ભાટીયા (રહે. નરસિંહ પાર્ક ઇન્ડિયન બેંક પાછળ વિજયનગર ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૩ કલાક ૧૦/૦૦ થી તા.૨૮/૦૧/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં રિનોવેશનમાં કડીયા કામની મરામત કરાવવા બોલાવેલ ધુળજીભાઇ નામનો પુરૂષ તથા તેમની સાથે આવેલ બે સ્ત્રીઓ કામીનીબહેનની નજર ચુકવી ઘરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૨,૩૦,૦૦૦/- ભરેલ બેગ ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આઇ.દેસાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** પ્રિયાબહેન વા/ઓ વિજયભાઇ ચાવડા (ઉ.વ.૩૫) (રહે. જુની દેસાઇવાડ કંસારા બજાર લીમડી સુરેન્દ્રનગર) એ તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૩ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે ગીતામંદીર એસ.ટી.બસ સ્ટેન્ડથી ઓટોરીક્ષામાં બેસી મુસાફરી કરી રહ્યા હતા દરમ્યાન ઓટોરીક્ષા ચાલકની મદદગારીથી ઓટોરીક્ષામાં બેસેલ અન્ય એક પુરૂષે પ્રિયાબહેન ચાવડાની નજર ચુકવી થેલામાંથી રોકડ રૂપિયા ૪૪,૩૦૦/- ચોરી કરી લઈ પ્રિયાબહેન ચાવડાને કાંકરીયા દિવાન બલ્લુભાઇ સ્કુલ નજીક રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૪/૨૦૨૩**

**નરોડાઃ** રજનીકાન્ત શનાભાઇ વાઘેલા (ઉ.વ.૪૯) (રહે. વેદ રેસીડન્સી ગણેશ રેસીડન્સી સામે નરોડા) તા.૦૯/૦૨/૨૦૨૩ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે સધી માતા મંદીરથી નરોડા સ્મશાન ચાર રસ્તા ઉપર આવેલ પ્રહલાદપાર્ક સોસાયટીના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગની પલ્સર જેવી મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રજનીકાન્ત વાઘેલાના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૬૫,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રજનીકાન્ત વાઘેલાએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**શિશુ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૬૫/૨૦૨૩**

**શહેરકોટડાઃ** તા.૦૯/૦૨/૨૦૨૩ કલાક ૬/૩૦ વાગ્યા પહેલા વિજયમીલ ઔડાના મકાનના દરવાજા પાસે સ્ટ્રીટ લાઇટના થાભલા પાસે અશોકમીલની દીવાલના બખોલામાંથી નવજાત તાજું શિશુ (બાબો) ત્યજી દિધેલ જીવિત હાલતમાં મળી આવતા શહેરકોટડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એલ.ગઢવી ચલાવે છે.

**ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૬૬/૨૦૨૩**

**નિકોલઃ** નિકોલ ખોડિયારનગર ગીતાપાર્કની બાજુમાં નારાયણનગર ખાતે રહેતા રૂપસિંગ રમેશચંદ્ર ખેંગારની તેર વર્ષની પુત્રી પરીકુમારી તા.૦૬/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબા ઉપર રમતા-રમતા ધાબાની ગેલેરીમાંથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને જી.સી.એસ.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૨/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગે તેનુ મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પિપરોત્તર ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૬૭/૨૦૨૩**

**નારોલઃ** ઉમેશ દિનેશભાઈ ડીંડોર (ઉ.વ.૧૯) (રહે. વાંદરવટ તલાવડી પી.ડી.પડ્યા કોલેજની બાજુમાં વટવા) તા.૦૯/૦૨/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઝીલપાર્ક ફ્લેટ ખાતે મકાનના રીનોવેશનનુ કામ કરતા હતા ત્યારે પડી જતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણદભા આપાભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૬૮/૨૦૨૩**

**વટવાઃ (૧)** દિયા ડો/ઓ ગોપાલભાઇ પ્રજાપતિ (ઉ.વ.૧૬) (રહે. જગદિશનગરનાં છાપરાં જગદિશનગર પાસે ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૩ રાતના ૯/૧૫ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.વસાવા ચલાવે છે.

**વટવાઃ (૨)** મુકેશભાઇ મનુભાઇ પ્રિયદર્શી (ઉ.વ.૪૦) (રહે. વલ્લભપાર્ક સોસાયટી કેનાલ રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૩ બપોરના ૪/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી